**<u>કલે.પરચુ. અરજી નં.પરર/૨૦૨૫ ના કામે અરજદારની ફીકસ ડીપોઝીટની રકમ સમય મર્યાદા પહેલા ચુકવી આપવાની અરજી તળે હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, હાલની અરજી અરજદારે અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૬૦/૧૨ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.) નાઓએ તા.૨૨–૦૨–૨૦૧૭ ના રોજ જજમેન્ટ, એવોર્ડ આપતા તે સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં. ૩૪૦૯/૧૭ થી કરેલી જે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સદરહુ અપીલ ફેસલ થયેલ છે અને હુકમ મુજબ જમા રકમની એફ.ડી. ઈન્ડીયન બેંક જૂનાગઢમાં તા. ૧૮–૫–૨૪ નારોજ મુકવામાં આવેલી તે તેઓને સમય મર્યાદા પહેલા ચુકવી આપવા માટે હાલની અરજી કરેલ છે .

(૨) અરજદારની અરજી, અરજદારની રજુઆત તથા રજુ સાધનીક કાગળો તથા અરજદારના સોગંદનામા ધ્યાને લેતા અરજદારે અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૬૦/૧૨ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.) નાઓએ તા.૨૨–૦૨–૨૦૧૭ ના રોજ કરેલ હુકમ સામે કરેલ અપીલના કામે જે હુકમ મુજબ સામાવાળાએ જમા કરેલ રકમની અરજદારના નામે રૂા. ૭૩,૨૩૮/– ૫ વર્ષ માટે ફીકસ ડીપોઝીટમાં મુકવાનો હુકમ થયેલ જે ઈન્ડીયન બેંક, જૂનાગઢ મુકામે ખાતા નં. – ૭૭૭૯૬૨૯૩૮૨, તા. ૧૮–૦૫–૨૦૨૪ ના રોજ મુકાયેલ જેની પાકતી મુદ્દત તા. ૧૮–૦૫–૨૦૨૯ ની છે અને તેને આ કામે રજુ હુકમ તથા સદરહુ એફ.ડી.રસીદની નકલ ઉપરથી સમર્થન મળે છે અને જે એફ.ડી. હાલ અરજદાર પાસે રહેલ છે. વધુમાં અરજદાર તરફે સદરહુ એફ. ડી. ની રકમ તેઓને રહેણાંકનુ મકાન લેવાનુ હોય, સગા સબંધી પાસેથી નાણાં ની વ્યવસ્થા કરેલ હોય અને વધુ નાણાંની જરૂરીયાત હોવાથી હાલની સદરહુ એફ.ડી.ની રકમ મળવા વિનંતી કરેલ છે ત્યારે સદરહુ મુળ કલેઈમ કેસ નં.૬૦/૨૦૧૨ ના કામે તા. ૨૨–૦૨–૨૦૧૭ ના રોજ એવોર્ડ કરેલ છે અને તે સામેની અપીલનો નિર્ણય

તા.૧૯–૦૨–૨૦૨૪ ના રોજ આવેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા તથા અરજદાર તરફે રજુ સોગંદનામાની હકીકતો ધ્યાને લેતા  અરજદારની અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદારના નામે ઈન્ડીયન બેંક જૂનાગઢ  શાખામાં ખાતા નં. ૭૭૭૯૬૨૦૩૮૨ થી મુકાયેલ રકમ રૂા.૭૩,૨૩૮/– (અંકે રૂપિયા તોંતેર હજાર બસ્સો આડત્રીસ પુરા) તથા સદરહુ એફ.ડી.માં આજ સુધી જમા થયેલ રકમ ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે  જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૦૭ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૦૭–૦૪–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)